# Virtual Summit between Prime Minister Narendra Modi and Italy's Prime Minister Prof. Giuseppe Conte

November 04, 2020

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈટાલીનાં વડાપ્રધાન પ્રોફેસર ગિયુસેપ્પે કોન્ટે વચ્ચે વર્ચ્યુઅલ શિખર સંમેલન

નવેમ્બર 04, 2020

1. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈટાલીનાં વડાપ્રધાન પ્રોફેસર ગિયુસેપ્પે વચ્ચે 6 નવેમ્બર 2020 નાં રોજ વર્ચ્યુઅલ દ્વિપક્ષીય શિખર સંમેલન યોજવામાં આવી રહ્યું છે.

2. ભારત અને ઈટાલી મજબૂત ઐતિહાસિક જોડાણો, સામાન્ય લોકતાંત્રિક પરંપરાઓ, કાયદાનું શાસન અને આંતરરાષ્ટ્રિય શાંતિ અને સ્થિરતાનાં એકસમાન ધ્યેય પર આધારિત સ્નેહપૂર્ણ અને બહુમુખી સંબંધ ધરાવે છે. ભારત ઈટાલીને યુરોપિયન યુનિયનનાં એક મહત્વનાં સભ્ય તરીકે જુએ છે અને ભારત-યુરોપીયન યુનિયન જોડાણો આગળ વધારવામાં તેનાં સકારાત્મક યોગદાનની કદર કરે છે.

3. ભારત-ઈટાલી સંબંધો નિયમિત ઉચ્ચ સ્તરનાં આદાન-પ્રદાનોથી અંકિત છે જેમાં 2017 અને 2018 માં ઈટાલીનાં વડાપ્રધાનોએ લીધેલી મુલાકાતો જોવા મળી છે. દ્વિપક્ષીય વ્યાપાર 2019 માં 9.52 અબજ યુરો રહ્યો છે. ઈટાલી યુરોપીયન યુનિયનમાં જર્મની, બેલ્જિયમ, યુકે અને ફ્રાન્સ પછી ભારતનો 5મો સૌથી મોટો વ્યાપાર ભાગીદાર દેશ છે. આશરે 600 વિશાળ ઈટાલીયન કંપનીઓ ભારતમાં કાર્યરત છે, જેઓ ફેશન અને ગાર્મેન્ટ, ટેક્સટાઈલ અને ટેક્સટાઈલ મશિનરી, ઓટોમોટિવ ઘટકો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રસાયણો, એનર્જી કન્ફેક્શનરી, વીમા વગેરે જેવા વિવિધ ક્ષેત્રો આવરે છે. કેટલીક ભારતીય કંપનીઓ પણ ઈટાલીમાં કાર્યરત છે. કેટલાક સરકાર-થી-સરકાર અને ખાનગી ક્ષેત્રની સમજૂતિઓ/એમઓયુ અંતિમ સ્વરૂપ લઈ રહ્યા છે અને આ અવસર પર સમાપન કરવામાં આવશે.

4. વર્ચ્યુઅલ દ્વિપક્ષીય શિખર સંમેલન બન્ને નેતાઓને દ્વિપક્ષીય સંબંધનાં વિશાળ ફ્રેમવર્કની વ્યાપક સમીક્ષા કરવાની અને પારસ્પરિક ચિંતાનાં મોટા પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કરવાની તક આપશે.

**નવી દિલ્હી**
**નવેમ્બર 04, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.